PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**<u>ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર</u>**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : <u>www.pgvcl.com</u> ઈ–મેઈલ :– <u>forum.pgvcl@gebmail.com</u>**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૪/કવા–૦૧/૧૭–૧૮/ ૪૬૮૦ તા. ૩૧/૦૫/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શ્રી લખમણભાઈ મીઠાભાઈ લુણાગરીયા,
C/O, શ્રી મનીષભાઈ લખમણભાઈ લુણાગરીયા,
<u>ગોકુલ નગર સોસાયટી,</u>
<u>ગામ:શીવરાજગઢ</u>
<u>તા. ગોંડલ,</u>
<u>જી: રાજકોટ</u>
મો: ૯૭૧૨૮ ૩૨૭૭૫

**વિષય :–નવા ખેતીવાડી વીજજોડાણ બાબત**
<u>સંદર્ભ:– આપની અરજી , તા. ૧૩–૦૪–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૪/કવા–૦૧/૧૭–૧૮ )</u>

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય, આભાર સહ.,

આપનો વિશ્વાસુ,

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૬)

<u>નકલ રવાના :</u>
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) <u>નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ</u>

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૨૪/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૫–૦૫–૧૭ | સ્થળ : રાજકોટ |

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: શ્રી લખમણભાઈ મીઠાભાઈ લુણાગરીયા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદારશ્રી ના પ્રતિનીધી તરીકે તેમના પુત્ર શ્રી મનીષભાઈ લખમણભાઈ લુણાગરીયા હાજર રહેલ હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન,–૧, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :વી.જી.ખારકડા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)

---

## : હુકમ :

### ફરીયાદ : નવા ખેતીવાડી વીજજોડાણ બાબત

**મુદ્દા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગામ:શીવરાજગઢ ખાતે ની, સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની, તા.૨૭–૦૧–૧૧ ના રોજ ની, ૦૫ હોપા ના જોડાણ માટે ની નોંધાયેલ અરજી, જે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, સર્વેક્ષણ કરતા, '' માંગણી મુજબ ના સ્થળ પર એક નવુ જોડાણ '' હૈયાત હોવાના કારણોસર નવુ જોડાણ મળી શકે નહી, તે મુજબ ની જાણકારી પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ને અપાયેલ છે. પીજીવીસીએલ ના જણાવ્યા મુજબ નુ, સદર હૈયાત ખેતીવાડી વીજજોડાણ, જે શ્રી દિનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ના નામનુ છે. અને સહીયારા કુવા પર મેળવી અને, તેના સ્વતંત્ર સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ મા સિંચાઈ કરે છે. જયારે, તેઓ શ્રી ની માંગણી મુજબ નો સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ છે. અને તેમા આવેલ કુવા પર જ તેઓ શ્રી ની સદર અરજી કરાયેલ છે. આમ, તેમની માલીકી ના સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા સિંચાઈ કરવા માટે કોઈ જોડાણ હૈયાત નથી. ફરીયાદી અરજદાર શ્રી ખાસ ભારપૂર્વક જણાવે છે કે, '' તેઓ શ્રીની માંગણી, જે તેઓ શ્રી ના અંગત માલીકી ના સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ કુવા પર જોડાણ મેળવવા માટે ની છે. આ સર્વે નંબર તેમજ આ કુવા પર કોઈ ખેતીવાડી વીજજોડાણ હૈયાત નથી. આ બાબત ને સમર્થન આપતા, તમામ દસ્તાવેજીક પેપર્સ પણ, તેઓ શ્રી એ પીજીવીસીએલની સબંધક પેટા વિભાગીય કચેરી મા રજુ કરી આપેલ છે.'' આમ, અરજદારે તેઓ શ્રી ની અંગત માલીકી ના સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા સિંચાઈ કરવાનીજ સદર અરજી હોય, તેમજ આ સર્વે નંબર મા સીચાઈ કરવાનુ અન્ય કોઈ જોડાણ ન હોય, આવા કારણોસર, સદર જોડાણ મંજુર કરવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ :** પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી મનીષભાઈ લખમણભાઈ લુણાગરીયા ના પિતાશ્રીલખમણ મીઠાભાઈ લુણાગરીયા ના ગામ:શીવરાજગઢ ખાતે ની, સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા, સામાન્ય યોજના હેઠળ ના, નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની, તા.૨૭–૦૧–૧૧ ના રોજ ની નોંધાયેલ અરજી – જે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, સર્વેક્ષણ કરતા, '' માંગણી મુજબ ના સ્થળ એટલેકે સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ કુવા પર, '' શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા નામ પરનુ– ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૨/૦૨૩૮૨/૫ ( ૦૫ હોપા – કેટેગરી–એ–૨) જોડાણ '' હૈયાત હોવાની બાબત, પીજીવીસીએલ ને સ્પષ્ટ થયેલ હતી. આમ, શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા, તેમના નામના સદર જોડાણ, જે જોડાણ ના સ્થળ, એટલેકે સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ ના કુવા પર, જોડાણ રીલીઝ કરાવી, અને તેમની એટલેકે શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ની અંગત માલીકી ની સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ ની જમીન પર સિંચાઈ કરતા હોવાની બાબત પણ સ્પષ્ટ થયેલ હતી. |

| | |
|---|---|
| ૨.૨ | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે નુ, '' ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની, તા.૨૭–૦૧–૧૧ ની અરજી મા કરાયેલ માંગણી મુજબ ના સ્થળ સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ એવા, અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની અંગત માલીકી ના કુવા પર નુ, શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા'' ના નામના હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૨/૦૨૩૮૨/૫ ( ૦૫ હોપા – કેટેગરી–એ–૨) નો ઇતિહાસ (સદર જોડાણ ના કેઈસ ફાઈલ ના પેપર્સ ની ચકાસણી) ચકાસણી કરવામા આવતા જણાયેલ છે કે – અગાઉ શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ની – અગાઉ ની તા.૦૪–૦૯–૨૦૦૮ ની – તેમના ( શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ) ની અંગત માલીકી ના ખેતીવાડી સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ મા સિંચાઈ કરવા માટે ની અરજી, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા સમયે – શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા એ – ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા માલીકી ના સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ કુવા પર, સદર કુવો ભાગીદારી વાળો હોવા સબંધક દર્શાવી – અન્ય ભાગીદાર એવા ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની હકારાત્મક સંમંતી અને જાણકારી હેઠળ – શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા એ – સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૨/૦૨૩૮૨/૫, જે શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ કુવા પર જોડાણ ચાલુ કરી – અને તે મુજબ – શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા એ તેમની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ સિંચાઈ કરવા માટે, તા.૧૬–૦૬–૧૬ થી રીલીઝ કરાવેલ હોવાની બાબત સ્પષ્ટ થયેલ છે. |
| ૨.૩ | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે, ફરીયાદી શ્રી મનીષભાઈ લખમણભાઈ લુણાગરીયા ના પિતાશ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ના ગામ:શીવરાજગઢ ખાતે ની, સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા, સામાન્ય યોજના હેઠળ ના, નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની, તા.૨૭–૦૧–૧૧ ના રોજ ની નોધાયેલ અરજી – જે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી સર્વેક્ષણ કરતા – માંગણી મુજબ ના સ્થળ સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ કુવા પર – ઉપરોક્ત મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે નુ, એક ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૨/૦૨૩૮૨/૫ હૈયાત હોય – આ જ સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ કુવા પર બીજુ જોડાણ આપી શકાય નહી. તે મુજબ નો નિયમાધીન કારણ દર્શાવતો પત્ર ( નોટીસ નુ. ૧૯૦૧ તા.૨૩–૦૨–૧૭ ) , ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ને પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી પાઠવવામા આવેલ હતો. પીજીવીસીએલ ની સદર નોટીસ નો પ્રત્યુતર – પીજીવીસીએલ ને આપવાને બદલે, ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા એ ફોરમ સમક્ષ સવાલવાળી અરજી કરેલ છે. સદર કેઈસ મા, ફોરમ કમિટી ની પ્રથમ તા.૦૯–૦૫–૧૭ ની મીટીગ મા, ફોરમ કમિટી તરફથી પીજીવીસીએલ ને અપાયેલ આદેશ મુજબ, '' ફરીયાદી અરજદાર શ્રી ની માંગણી મુજબ ના સ્થળ સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪, તેમજ આ સર્વે નંબર સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ કુવો, તેમજ સદર કુવો સહીયારો હોય તો તેની સ્પષ્ટતા ( ભાગીદારો ના નામ સાથે) તથા શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ની જમીન સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ તથા તેમા જો કુવો / બોર આવેલ હોય, તો તેની સ્પષ્ટતાજનક વિગતો,'' વગેરે તમામ બાબતો, જે સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહી અને તમામ પક્ષકારો ને સાથે રાખીને, '' સ્થળ ચકાસણી / રોજકામ '' કરવાનો આદેશાત્મક હુકમ, પીજીવીસીએલ ને થયેલ હતો. |
| ૨.૪ | ઉપરોક્ત મુદ્દા નં. ૨.૩ મુજબ ની વિગતેનો, '' સ્થળ ચકાસણી / રોજકામ '', જે પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી તા.૨૪–૦૫–૧૭ ના રોજ, ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા, તેમજ હૈયાત જોડાણ વાળા શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા, તેમજ એક એવા નિષ્પક્ષ નાગરીક, તથા કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ, તેમજ નાયબ ઈજનેર શ્રી, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં.–૧ ગોંડલ તરફથી, હાથ ધરી અને સંપન્ન કરાયેલ હતુ. આ તા.૨૪–૦૫–૧૭ ના રોજ ના સ્થળ ચકાસણી / પંચરોજકામ દરમ્યાન જણાયેલ વાસ્તવિક બાબતો અને હકીકતો મુજબ, (૧) અગાઉ તા.૧૬–૦૬–૧૬ ના રોજ ચાલુ કરાયેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૨/૦૨૩૮૨/૫ જે, શ્રી શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા એ, તેમની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ મા, જે તે સમયે – સદર સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ મા – સહીયારો કુવો ( શ્રી દામજીભાઈ બચુભાઈ લુણાગરીયા, શ્રી હરેશભાઈ બચુભાઈ લુણાગરીયા, તથા શ્રીમતી કંચનબેન બચુભાઈ લુણાગરીયા) હોવાનો દાખલો રજુ કરી, અન્ય ભાગીદારો ની રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર લેખીત સંમંતી મેળવી, અને જોડાણ મંજુર કરાવેલ હોવાની બાબત – જે સદર જોડાણ ના કેઈસ ફાઈલ ના દસ્તાવેજીક પેપર્સ મુજબ સ્પષ્ટ થયેલ હતી. |

| | |
|---|---|
| ૨.૫ | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૪ મુજબ ની વિગતે ના, સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ ના સહીયારા કુવા પર મંજુર કરાવેલ એવુ શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા નુ સદર જોડાણ, વાસ્તવિક રીતે રીલીઝ કરતા સમયે '' હકીકત મા સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ મા સહીયારા કુવો ન હોવાના કારણોસર, સદર મંજુર કરાવેલ જોડાણ – સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ એવા ફરીયાદી અરજદાર શ્રી ની અંગત માલીકી ની જમીન પર ના અંગત માલીકી નાં કુવા પર, ફરીયાદી અરજદાર શ્રી ની હાજરી મા જ, અને ફરીયાદી અરજદાર શ્રી ની જાણકારી હેઠળ, તેમજ ફરીયાદી અરજદાર શ્રી ની સંમતી હેઠળ જ – શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા એ, સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૨/૦૨૩૮૨/૫, જે તા.૧૬–૦૬–૧૬ ના રોજ, ફરીયાદી અરજદાર શ્રી ની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ ફરીયાદી અરજદાર શ્રી ના અંગત માલીકી ના કુવા પર રીલીઝ કરાવેલ હતુ. અને આ જોડાણ નો ઉપયોગ શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા એ, તેમની અંગત માલીકી ની ખેતીવાડી ની સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ ( કે જે જમીન ફરીયાદી અરજદાર શ્રી ની જમીન સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ ની બાઉન્ડ્રી પર ની જ જમીન છે.) તેમા સિંચાઈ કરવા માટે – માત્ર અને માત્ર ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની અંગત જાણકારી, સંમતી અને હાજરી મા,તેમની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ ની જમીન પર ના અંગત માલીકી ના કુવા પર જ – શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા એ જોડાણ મેળવી લીધેલ હોવાની બાબત સ્વયં સ્પષ્ટ થયેલ છે. |
| ૨.૬ | તા.૨૪–૦૫–૧૭ ના રોજ ની સ્થળ ચકાસણી અને પંચ રોજકામ સમયે, '' શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ની માલીકી ની સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ મા કોઈ કુવો / બોર '' મોજુદ હોવાનુ, પંચ ને જણાવેલ નથી. તદ ઉપરાંત, શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ના નામનુ હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૨/૦૨૩૮૨/૫, જે હાલ ના તબક્કે, ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ કુવા પર ચાલુ છે, તે સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ કુવા પર, શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ની ભાગીદારી હોવાની બાબતને સમર્થન આપતો દસ્તાવેજીક પુરાવો ( ગ્રામ પંચાયત નો પાણીપત્રક નં.–૧૬– જે સહીયારો કુવો હોવા સબંધક નો દાખલો) પણ, ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા, તેમજ હૈયાત જોડાણકાર શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા પંચ સમક્ષ રજુ કરી શકેલ નથી. |
| ૨.૭ | આમ, હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૨/૦૨૩૮૨/૫ ના જોડાણકાર શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા એ, તેમના નામ પરનુ, સદર જોડાણ, જે સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ કુવા પર થી, તેમની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ મા, દિન–૩૦ મા કુવો / બોર બનાવી, અને ૧૦૦% શીફટીંગ ખર્ચ પીજીવીસીએલ મા ભરપાઈ કરી, અને તે મુજબ હૈયાત જોડાણ ને, '' સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ ના કુવા પર થી, સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ ના કુવા / બોર પર, દિન–૩૦ મા – શીફટીંગ કરાવી લેવાની બાબત '', શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા માટે નિયમાધીન યોગ્ય છે. જો, શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા, તેમની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ મા, જો કુવો / બોર તૈયાર કરી અને તે મુજબ નો દસ્તાવેજીક પેપર્સ, દિન–૩૦ મા – પીજીવીસીએલ મા રજુ કરી, અને સદર જોડાણ ને શીફટીંગ મેળવવા માટે ની વિધીસર ની અરજી પીજીવીસીએલ મા, નિયત અરજી ફોર્મ સાથે, નોંધણીચાર્જ ભરપાઈ કરીને પીજીવીસીએલ મા રજુ કરશે, તો પીજીવીસીએલ તરફથી, સદર જોડાણ નુ ૧૦૦% શીફટીંગ ખર્ચ શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા પાસેથી વસુલ કરીને, સદર જોડાણ તેમની માંગણી મુજબ ની જમીન એટલેકે સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ ના કુવા / બોર પર શીફટીંગ આપવાની નિયમાધીન પ્રક્રીયા પૂર્ણ કરી અને શીફટીંગ આપશે. અન્યથા, પીજીવીસીએલ તરફથી શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા નુ સદર હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૨/૦૨૩૮૨/૫, જે પીજીવીસીએલ તરફથી, નિયમાધીન પ્રક્રીયા અંતર્ગત કાયમી ધોરણે રદબાતલ કરવા યોગ્ય જાહેર કરી અને, કાયમી ધોરણે રદબાતલ કરવામા આવશે. |

**૨.૮** હૈયાત જોડાણકાર શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા નુ, હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૨/૦૨૩૮૨/૫, જે હાલ ના તબ્બકે, ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ના સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ એવા શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની અંગત માલીકી ના કુવા પર જ ચાલુ છે. અને શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા નુ આ જોડાણ, ફરીયાદી અરજદાર શ્રી ની અગાઉ ની હાજરી, જાણકારી અને સંમતી હેઠળ જ ચાલુ થયેલ છે. જેથી, શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા નુ સદર જોડાણ, જો ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા, તેમની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ કુવા પર જ ચાલુ રાખવા માટે કાયમી ધોરણે સંમત હોય તો, '' ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા એ '' તેમની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ એવો, હાલ ના તબ્બકા નો, તેમની અંગત માલીકી નો કુવો, જે ખરેખર અંગત માલીકી નો નથી, પરંતુ, શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા અને શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની ભાગીદારી વાળો કુવો છે. તે મતલબ નો '' સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ આ કુવો, સહીયારો કુવો હોવા સબંધક, ગ્રામ પંચાયત નો દાખલો– પાણીપત્રક નં.–૧૬ – જે સહીયારો કુવો હોવા સબંધક નો દાખલો– જે ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા એ પીજીવીસીએલ મા, દિન–૩૦ મા રજુ કરી, અને સદર કુવા પર શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા નુ જોડાણ ચાલુ રહે તે મુજબ, રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર નુ લેખીત સંમતીપત્ર રજુ કરવાનુ રહેશે. તેમજ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૭ મુજબ ની વિગતે, જો હૈયાત જોડાણકાર શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ની દિન–૩૦ ની સમયમર્યાદા મા શીફટીંગ ની અરજી, પીજીવીસીએલ મા રજુ ન થયેથી અને શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા તરફથી, દિન–૩૦ મા, તેમની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ કુવા પર શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ની સંયુકત ભાગીદારી ને સમર્થન દસ્તાવેજીક પેપર્સ, જો ફરીયાદી અરજદાર તરફથી પીજીવીસીએલ મા દિન–૩૦ મા રજુ ન થતા, પીજીવીસીએલ તરફથી, નિયમાધીન પ્રક્રીયા અંતર્ગત, ફરીયાદી અરજદાર શ્રી ની મુળ તા.૨૭–૦૧–૧૧ ના રોજ ની અરજી ના અનુસંધાને, તેમની માંગણી મુજબ ના સ્થળ પર, નવુ ખેતીવાડી વીજજોડાણ આપવાની કાર્યવાહી રદબાતલ કરવા યોગ્ય જાહેર થશે.

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩** ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ માં, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

**૩.૧** ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની સવાલવાળી નવા જોડાણ ની તા.૨૭–૦૧–૧૧ ના રોજ ની નોંધાયેલ અરજી, પીજીવીસીએલ તરફથી મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવરી લેવાયેલ છે. તે અન્વયે, સ્થળ ચકાસણી દરમ્યાન, ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની મુળ માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪, જેઅરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની અંગત માલીકી ની જમીન છે, અને તેમા આવેલ કુવો પણ શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની અંગત માલીકી નો છે. તે કુવો સહીયારો / ભાગીદારી વાળો નથી. તેમ છતા, અગાઉ આ – અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની અંગત માલીકી ના કુવા પર – શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ની કાયદેસર ની ભાગીદારી / હિસ્સો ન હોવા છતા પણ – ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની હાજરી, જાણકારી અને સંમતી અને રાહબારી હેઠળ જ – શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા એ, તેમની અંગત માલીકી ની જમીન ખેતીવાડી સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ મા સિંચાઈ કરવા માટે નુ – અગાઉ તેમના નામ પર નુ – ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૨/૦૨૩૮૨/૫, જે તા.૧૬–૦૬–૧૬ ના રોજ– ફરીયાદી અરજદાર શ્રી ની અગાઉ ની હકારાત્મક સંમતી હેઠળ જ – છેતરપીંડીયુકત રીતે મેળવી લીધેલ છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ની મુળ માંગણી મુજબ ના જ, સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ – એવા ફરીયાદી અરજદાર શ્રી ની સ્વતંત્ર માલીકી ના કુવા પર – એક ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૨/૦૨૩૮૨/૫, જે તા.૧૬–૦૬–૧૬ થી જે, શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા નુ જોડાણ હૈયાત છે, તે જોડાણ ને ફોરમ કમિટી દસ્તાવેજીક ગેરકાયદેસર હેઠળ જાહેર કરેલ છે. તે મુજબ ની, શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ને જાણકારી આપવાનો પણ સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ કરાયેલ છે.

| | |
|---|---|
| **૩.૨** | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની, મુળ તા.૨૭–૦૧–૧૧ ની અરજી મા દર્શાવ્યા મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ અંગત માલીકી ના કુવા વાળા સ્થળ પર, શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ના નામનુ એક ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૨/૦૨૩૮૨/૫ હૈયાત હોય, પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમાધીન પ્રણાલી મુજબ – ફરીયાદી અરજદાર શ્રી ને, આ જ સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા તેમની તા.૨૭–૦૧–૧૧ ના અનુસંધાને, સદર સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ ની જમીન પર સિંચાઈ કરવા માટે ના અંગત માલીકી ના કુવા પર બીજુ જોડાણ આપી શકાય નહી. આવા કારણોસર, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, – માંગણી મુજબ ના સ્થળ પર એક જોડાણ હૈયાત હોય – હવે ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની મુળ તા.૨૭–૦૧–૧૧ ની અરજી ના અનુસંધાને બીજુ જોડાણ આપી શકાય નહી. તે મુજબ ની નિયમાધીન કારણ દર્શાવતો પત્ર ( નોટીસ નુ. ૧૯૦૧ તા.૨૩–૦૨–૧૭ ) , ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ને પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી પાઠવવામા આવેલ છે. પીજીવીસીએલ ની સદર કાર્યવાહી ફોરમ કમિટી નિયમાધીન યોગ્ય ઠેરવે છે. તે મુજબ ની જાણકારી ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા આપવાનો પણ સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ કરાયેલ છે. |
| **૩.૩** | તેમ છતા, ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ને, જો તેમની મુળ તા.૨૭–૦૧–૧૧ ની અરજી ના અનુસંધાને, નવુ જોડાણ, જે મુળ માંગણી મુજબ ના સ્થળ સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ તેમની અંગત માલીકી ના કુવા પર, જો જોઈતુ જ હોય તો – સદર સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ કુવો, જે ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા તેમજ દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ની ભાગીદારી વાળો કુવો હોવા સબંધક – તે મતલબ નો '' સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ આ કુવો – જે કુવો, સહીયારો કુવો હોવા સબંધક – ગ્રામ પંચાયત નો દાખલો–( પાણીપત્રક નં.–૧૬ – જે સહીયારો કુવો હોવા સબંધક નો દાખલો) – જે ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા એ પીજીવીસીએલ મા, દિન–૧૮૦ મા રજુ કરી– અને સદર કુવા પર શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા નુ જોડાણ ચાલુ રહે તે મુજબ, રૂ.૧૦૦/– ના નોટરાઇઝ સ્ટેમ્પપેપર પર નુ લેખીત સંમતીપત્ર પણ રજુ કરવાનુ રહેશે. જો ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા, દિન–૧૮૦ મા જ આ મુજબ નો ગ્રામ પંચાયત નો દાખલો– પાણીપત્રક નં.–૧૬ તેમજ સદર પ્રકાર નુ રૂ.૧૦૦/– ના નોટરાઇઝ સ્ટેમ્પપેપર પર નુ લેખીત સંમતીપત્ર, જો પીજીવીસીએલ મા રજુ કરશે તો – પીજીવીસીએલ કક્ષાએ, સદર કુવો જે કાયદેસર ભાગીદારી વાળો ( શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા તેમજ શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ની ભાગીદારી વાળો) હોવાની બાબત કાયદેસર નો હકક સ્થાપિત થતા, અને તે કાયદેસર આનુષાંગીક બાબતે – શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ને સદર કુવા નુ પાણી સિંચાઈ ના હેતુ માટે મેળવવા માટે નો કાયદેસર નો હકક સ્થાપિત થતા – સદર કુવા પર આવેલ શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા નુ હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૨/૦૨૩૮૨/૫– જે ચાલુ રાખવામા આવશે. આમ, સદર હૈયાત જોડાણ નો ઉપયોગ શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા તેમની અંગત માલીકી ની ખેતીવાડી ની સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ મા સિંચાઈ જે હાલ ના તબ્બકે કરે છે – તે જોડાણ ના હેતુ નિયમાધીન યથાર્થ રહેતા હોવાની બાબત હેઠળ, પણ નિયમાધીન યોગ્યતા હેઠળ ચાલુ રહેશે. તે મુજબ ની, ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા તેમજ શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ને જાણકારી આપવાનો પણ સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ કરાયેલ છે. |
| **૩.૪** | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૩ મુજબ ની વિગતે, હાલ ના તબ્બકા નુ, સદર સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ જોડાણ, જે સદર સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ કુવો સંયુકત માલીકી નો પ્રસ્થાપિત થતા, સદર સહીયારા કુવા પર, ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા નો પણ હિસ્સો હોય – આ કુવા પર જોડાણ મેળવી અને, તેમની મુળ માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા સિંચાઈ કરવા માટે ની ફરીયાદી અરજદાર શ્રી ની મુળ તા.૨૭–૦૧–૧૧ ના રોજ ની અરજી ના અનુસંધાને – તેમની માંગણી મુજબ ના સ્થળ સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ ના સંયુકત માલીકી ના કુવા પર બીજુ, અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની માંગણી મુજબ ના ખેતીવાડી વીજજોડાણ આપવાની કાર્યવાહી પીજીવીસીએલ તરફથી હાથ ધરવામા આવશે. તેમજ જો, ફરીયાદી અરજદાર શ્રી તરફથી દિન–૧૮૦ મા આ મુજબ ની કાર્યવાહી નહી કરવામા આવે તો, ફરીયાદી અરજદાર શ્રી ની મુળ તા.૨૭–૦૧–૧૧ ની અરજી ના અનુસંધાને, તેમની માંગણી મુજબ ના સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા બીજુ જોડાણ નિયમાધીન રીતે પીજીવીસીએલ તરફથી આપી શકાશે નહી.તદ ઉપરાંત, સદર કુવા પર હાલ ના તબ્બકે, શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા નો કોઈ સહીયારો હિસ્સો ન હોવા છતા, જે શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા એ દસ્તાવેજીક ગેરરીતી હેઠળ મેળવેલ હોય,તે હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૨/૦૨૩૮૨/૫ – જે કાયમી ધોરણે રદબાતલ થવાને નિયમાધીન રીતે પાત્ર થશે. તે મુજબ ની, ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા તેમજ શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ને જાણકારી આપવાનો પણ સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ કરાયેલ છે. |

| | |
|---|---|
| **૩.૫** | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૪ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા દિન–૧૮૦ ની સમયમર્યાદા મા, તેમની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ મા આવેલ કુવા પર શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ની સંયુક્ત ભાગીદારી ને સમર્થન દસ્તાવેજીક પેપર્સ ( સહીયારો કુવો હોવા બાબતે નો– ગ્રામ પંચાયત નો દાખલો– પાણીપત્રક નં.–૧૬), તેમજ, સદર ભાગીદારી વાળા કુવા પર આવેલ શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા નુ જોડાણ ચાલુ રહે તે મુજબ નો, ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા નુ રૂ.૧૦૦/– ના નોટરાઇઝ સ્ટેમ્પપેપર પર નુ લેખીત સંમતીપત્ર, દિન–૧૮૦ ની સમયમર્યાદા મા, જો પીજીવીસીએલ મા રજૂ ન થતા, પીજીવીસીએલ તરફથી, ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ ના કુવા પર આવેલ, શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ના નામનુ ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૨/૦૨૩૮૨/૫ ને, ગેરકાયદેસર ધોરણ હેઠળ નુ ગણી અને, કાયમી ધોરણે રદબાતલ કરવાની કાર્યવાહી પીજીવીસીએલ તરફથી સંપન્ન કરવામા આવશે. તે મુજબ ની, ફરીયાદી અરજદાર શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ને જાણકારી આપવાનો પણ સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ કરાયેલ છે. |
| **૩.૬** | જો હૈયાત જોડાણકાર શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૫ મા વર્ણવ્યા મુજબ ની વિગતે નુ, હાલ ના તબ્બકા નુ સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ ના, શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા ની અંગત માલીકી ના કુવા પર આવેલ, તેમનુ હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૨/૦૨૩૮૨/૫, જે – સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ ના કુવા પર થી, તેમની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ મા; દિન–૧૮૦ ની સમયમર્યાદા મા, નવો બોર / કુવો બનાવી, તે બોર / કુવા પર, સદર જોડાણ ને શીફ્ટીંગ મેળવવા માટે ની વિધીસર ની અરજી, જે જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે, પીજીવીસીએલ મા રજૂ કરશે તો, પીજીવીસીએલ તરફથી, શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ને તેમનુ હૈયાત ખેતીવાડી વીજજોડાણ – શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ના અંગતપણા ના ૧૦૦% ખર્ચ હેઠળ – હૈયાત સ્થળ સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ ના કુવા પર થી, તેમની માલીકી ના સ્થળ સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ ના કુવા / બોર પર શીફ્ટીંગ કરવાની નિયમાધીન કાર્યવાહી સંપન્ન કરશે. તે મુજબ ની, શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ને જાણકારી આપવાનો પણ સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ કરાયેલ છે. |
| **૩.૭** | પરંતુ, શ્રી લખમણ મીઠાભાઈ લુણાગરીયા તરફથી, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૬ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની, તેમના હૈયાત ખેતીવાડી વીજજોડાણ ને, દિન–૧૮૦ મા – હૈયાત સર્વે નંબર : ૩૩૫ પૈકી ૪ ના સ્થળ પરથી, તેમની અંગત માલીકી ની જમીન સર્વે નંબર : ૩૩૫ પૈકી ૩ મા આવેલ કુવા / બોર પર – શીફ્ટીંગ મેળવવા માટે ની વિધીસર ની અરજી, જો શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા તરફથી પીજીવીસીએલ મા દિન–૧૮૦ મા રજૂ ન થતા, પીજીવીસીએલ તરફથી, નિયમાધીન પ્રક્રીયા અંતર્ગત, શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા નુ સદર હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૨/૦૨૩૮૨/૫ ને, ગેરકાયદેસર ના ધોરણ હેઠળ આવરી લઈ, અને સદર ખેતીવાડી વીજજોડાણ ને કાયમી ધોરણે રદબાતલ કરવાની કાર્યવાહી, ત્વરીતે જ સંપન્ન કરાશે. તે મુજબ ની, શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા ને જાણકારી આપવાનો પણ સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧, ૩.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, મુદ્દા નં. ૩.૩,૩.૪, ૩.૫, ૩.૬,૩.૭ મુજબ ની વિગતે, ફરીયાદી પક્ષકાર, પીજીવીસીએલ પક્ષકાર ને હુકમ કરાયેલ છે. તેમજ શ્રી દીનેશભાઈ બચુભાઈ લુણાગરીયા – કે જેને, પીજીવીસીએલ કક્ષાએથી ખાસ નોટીસ પાઠવી અને તાકીદ ની જાણકારી, પીજીવીસીએલ કક્ષાએથી આપવા સબબનો, પીજીવીસીએલ ને હુકમ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એસ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ: જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી, સદર નિર્ણય સામે, નિર્ણયના મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નાણાકીય ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની ઓફીસ, બ્લોક નં. ૩, પોલીટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાકીય બાબત સંબંધિત હોય તો, સદર રકમ ઉપર રકમ પીજીવીસીએલમાં જમા કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં કરવો જરૂરી છે.